રજાઓથી ભરપૂર ઓગષ્ટ મહિનાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩૧

પવિત્ર શ્રાવણ મહિનો શરૂ થઈ ચૂક્યો છે જેની સાથે સાથે તહેવારોની મોસમ ખીલી ઉઠી છે. જેમાં ૧ ઓગષ્ટને સોમવારથી નવા મહિનાની શરૂઆત થઈ રહી છે. ઓગષ્ટ મહિનો એટલે પર્વોની ભરમાર ધરાવતો મહિનો. બારેય મહિનાઓમાં સૌથી વધુ પર્વો હોય તો આ ઓગષ્ટ મહિનામાં. આ નવા મહિનાની સાથે સાથે ઘણા મહત્વના તહેવારોની સિઝન આવી ગઈ છે. રાષ્ટ્રીય તહેવાર સ્વતંત્રતા દિવસની સાથે સાથે આ મહિને ઘણા ધાર્મિક તહેવારો ઉજવવામાં આવશે. આ ઓગષ્ટ મહિનામાં રજાઓની લાઈનો લાગશે. ઓગષ્ટ મહિનામાં બેંકોમાં ૧૨ દિવસ રજા રહેશે. ધાર્મિક દૃષ્ટિકોણથી આ મહિનો ખૂબ જ વિશેષ રહેવાનો છે. કારણ કે આ મહિનામાં ઘણા મોટા વ્રત-ઉત્સવો ઉજવવામાં આવશે. હિન્દુ કેલેન્ડર મુજબ આ મહિનામાં શ્રાવણ અને ભાદરવો માસ હશે. રક્ષાબંધનનો

ઓગષ્ટમાં તહેવારોની વણઝાર : ૧૨ દિવસ બેંકો બંધ રહેશે

તહેવાર શ્રાવણ મહિનાની પૂનમે ઉજવવામાં આવશે. સાથે જ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી અને ગણેશ ચતુર્થી જેવા મોટા તહેવારો પણ આ મહિનામાં આવશે. આ મહિનામાં ૪ શ્રાવણના સોમવાર આવશે. આ મહિનામાં કેવડાત્રીજ અને હરિતાલિકા ત્રીજ જેવા મહિલાઓ સંબંધિત ઘણા મહત્વપૂર્ણ તહેવારો પણ ઉજવવામાં આવશે. શ્રાવણ માસમાં બે પૂર્ણિમાઓ આવશે. સામાન્ય રીતે મહિનામાં એક જ પૂનમની તિથિ હોય છે. પરંતુ આ વખતે શ્રાવણ મહિનામાં બે પૂર્ણિમાનો સમન્વય છે. જ્યોતિષના મતે શ્રાવણ માસની પૂર્ણિમા ૧૧ અને ૧૨ ઓગષ્ટના રોજ રહેશે. રક્ષાબંધનનો તહેવાર ૧૧ ઓગષ્ટે ઉજવવામાં આવશે કારણ કે આ દિવસે શ્રાવણ નક્ષત્રનો યોગ બની રહ્યો છે. જ્યારે ૧૨ ઓગષ્ટે સ્નાન-દાન પૂર્ણિમા હશે. શહેરીજનો ઓગષ્ટ માસમાં રજાઓના દિવસો આવતા ઉત્સાહમાં જોવા મળી રહ્યા છે. નોકરીકર્તાઓમાં પણ આનંદો છવાયો છે. એક જ મહિનામાં ૧૨ જેટલી રજાઓ મળતા આ મહિનો નોકરીયાત વર્ગ માટે મીની વેકેશન લઈને આવ્યો છે. જેમાં ૪ રવિવાર અને ૨ શનિવારની રજાઓ ઉપરાંત અન્ય મોટા તહેવારો નિમિત્તે ઓગષ્ટ મહિનો રજાઓથી ભરપૂર રહેશે.

ઓગષ્ટમાં ક્યારે ક્યારે રહેશે બેંકોની રજા

૭ ઓગષ્ટ	રવિવારે વીકેન્ડની રજા
૯ ઓગષ્ટ	મોહરમ-તાજીયા
૧૧ ઓગષ્ટ	રક્ષાબંધન
૧૩ ઓગષ્ટ	બીજા શનિવારની રજા
૧૪ ઓગષ્ટ	રવિવાર વીકેન્ડની રજા
૧૫ ઓગષ્ટ	સ્વતંત્રતા દિવસ
૧૬ ઓગષ્ટ	પારસી નવા વર્ષની રજા
૧૯ ઓગષ્ટ	જન્માષ્ટમી
૨૧ ઓગષ્ટ	રવિવાર વીકેન્ડેની રજા
૨૭ ઓગષ્ટ	બીજા શનિવારની રજા
૨૮ ઓગષ્ટ	રવિવાર વીકેન્ડની રજા
૩૧ ઓગષ્ટ	ગણેશ ચતુર્થી

ગાંધીનગર-મહુડી માર્ગ પર

પીંપળજ પાસે અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મૃત્યું

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર- મહુડી માર્ગ પર મહર્ષિ અત્રી તપોવન સ્કુલ પાસેથી બાઈક પર પિતા-પુત્ર પસાર થઈ રહ્યા હતા. તે સમયે શપનવીલા સોસાયટીના કટ પાસે બાઈકમાં પેટ્રોલ ખાલી થઈ ગયું હતું. સવારના સમયે પિતાને બાઈક પાસે ઉભા રાખી દિકરો પેટ્રોલ લેવા ગયો હતો. તે સમયે કોઈ અજાણ્યા વાહનની ટક્કરે તેના પિતાનું ગંભીર ઈજાને પગલે મૃત્યુ થયુ હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પીંપળજ ગામની સીમમાં દેવેન્દ્રસિંહ રણજીતસિંહ વાઘેલાના બોરકુવા પર રહેતા દશરથજી કોયાજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં બે દિકરા અને બે દિકરીઓ છે.આજે સવારે દશરથજી તેમના દિકરા વનરાજ સાથે ખેત મજુરી કામ માટે નીકળ્યા હતા. તે સમયે પીંપળજ પાસે મહર્ષિ અત્રી તપોવન શાળાથી આગળ શપનવીલા સોસાયટી તરફના વળાંક પાસે બાઈક બંધ થઈ ગયું હતું. જેથી વનરાજે તપાસ કરતા પેટ્રોલ ખાઈ થઈ ગયું હતું. પિતાને બાઈક પાસે ઉભા રાખી વનરાજ પીડારડા તરફ ચાલતો ચાલતો પેટ્રોલ લેવા જઈ રહ્યો હતો. તે સમયે તેના મિત્ર કાળાજી રમણજી ઠાકોરનો ફોન આવ્યો હતો અને કહ્યુ કે તારા પિતાને અકસ્માત થયો છે તું જલ્દી આવી જા. જેથી વનરાજ તાત્કાલીક પરત ફર્યો હતો. બનાવ સ્થળ પર માણસોના ટોળા એકઠા થયા હતા. જયારે રોડની સાઈડમાં દશરથજી ગંભીર રીતે ઈજા પામેલા હાલતમાં પડ્યા હતા. કોઈએ ૧૦૮ ને કોલ કરતા આવી પહોંચીને દશરથજીને તપાસ કરતા તેઓને મરણ જાહેર કર્યા હતા.જયારે વનરાજજી પેટ્રોલ લેવા માટે ગયા તે સમયે તેમના પિતાને કોઈ અજાણી કારના ચાલકે ટક્કર મારતા તેમને ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ તેમનું મૃત્યું થયુ હતું. પેથાપુર પોલીસે મથકે અજાણ્યા વાહન ચાલક સામે વનરાજ ઠાકોરે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા દેશભક્તિ આધારિત નૃત્ય સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા ઉજવાતો ગણેશોત્સવ જે ગાંધીનગરનો સાચા શબ્દોમાં લોકઉત્સવ બનીને પાટનગરની સ્થાપનાકાળથી ઉજવાય છે જે આ વખતે ૫૩મું વર્ષ ઉજવવા જઈ રહ્યું છે, જેમાં વિવિધ કાર્યક્રમોના ભાગરૂપ 'દેશભક્તિ આધારિત નૃત્ય સ્પર્ધા'ના કાર્યક્રમનું આયોજન કરેલ છે. કાર્યક્રમની વધુ વિગત આપતા અધ્યક્ષ નિશિત વ્યાસે જણાવ્યું હતું કે સ્પર્ધા તા. ૩૧-૮-૨૨થી તા. ૬-૯-૨૨ દરમ્યાન આ કાર્યક્રમ સે. ૨૨ના રંગમંચ પર યોજવામાં આવશે. આ સ્પર્ધામાં આ મુજબ ગ્રુપ યોજવામાં આવશે. ગ્રૂપ એ માં ધો. ૬ થી ૮ અને ગ્રૂપ બી માં ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધા દેશભક્તિની થીમ આધારિત હશે. નૃત્યનું ગીત લાઈવ વાજિંત્રો, પેન ડ્રાઈવ, સીડી જેવા સાધનો મારફતે રજુ કરી શકાશે. નૃત્ય સ્પર્ધાની થીમ આધારિત કોરીઓગ્રાફીને પ્રાધાન્ય આપવામાં આવશે. ૫ થી ૭ મિનિટનું નૃત્ય રજુ કરવાનું હશે અને ઓછામાં ઓછા ૮ અને વધુમાં વધુ ૨૦ વ્યક્તિ ભાગ લઈ શકશે. સ્પર્ધા માટે રજીસ્ટર કરવા માટે સ્પર્ધકોએ શાળાના લેટર પેડ પર પોતાની કૃતિ અંગેની માહિતી મિનાક્ષી ટ્રેડર્સ, પ્લોટ નં. ૩૮૧, તૃપ્તી પાર્લરની બાજુમાં, સે. ૧૬, ગાંધીનગર, ફોન નં. ૦૭૯ ૨૩૨ ૩૩૩૯૯, તા. ૭-૮-૨૨ સુધી આપી દેવું. કાર્યક્રમ અંગેની કોઈ મુંજવણ માટે પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડૉ. ચેતનાબેન બુચ (મો.નં. ૯૮૨૫૮૧૬૦૧૮ તેમજ શ્રીમતી વર્ષાબેન પારેખ (મો. નં. ૯૭૨૭૪૨૯૨૯૪)ને સંપર્ક કરવા જણાવ્યું હતું.

અડાલજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલના બ્રીજની પાળી તુટી ગઈ છે. કોઈ મોટુ વાહન કેનાલને અથડાતા અકસ્માત થતાં પાળી તુટી ગઈ છે. કોઈ જાનહાની થાય તે પહેલા પાળીને તાત્કાલિક રીપેર કરવી જરૂરી છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સફાઈ કામદાર બહેનોને હાઈજેનિક કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૩૧

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા આંગણવાડી આશાવર્કર બહેનો-૧૦૦, મુક્તિધામ સ્ટાફ મહિલા-૧૫, સરકારી વિજ્ઞાન કોલેજ સફાઈ બહેનો-૧૫ અને બાપુ સમર્પણ કોલેજ બહેનો-૨૫ ને દર માસે ફરજીયાત કીટ વિતરણ અનુસંધાને હાઈજેનિક કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટ વિતરણમાં સરકારી વિજ્ઞાન કોલેજ આચાર્ય પંડ્યા સર, રેડક્રોસના ડૉ. રમીલાબેન પટેલ, ડૉ. અલ્પાબેન, ચેરમેન જીલુભા ધાધલ, ગોવિંદભાઈ આહીર, વઘાસીયા જયંતીભાઈ, અશ્વિનભાઈ દવે, નિલેન્દુભાઈ વોરા, કીર્તિભાઈ પટેલ અને બ્રિજેશભાઈ સહભાગી બન્યા હતા.

ખોરજ બ્રીજ ઉપર જ એક મસ મોટુ ગાબડું પડ્યું છે. છેલ્લા કેટલાય સમયથી આ ગાબડુ પડતા જોખમ સર્જાયુ છે. આ માર્ગ પરથી દરરોજ હજજારો વાહનો પસાર થતાં તંત્રએ તેનુ રીપેરીંગ કાર્ય હાથ પર લીધુ છે.

આજે ઉમિયામાતા સંસ્થાન ખાતે નૃત્યુનો અનોખા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૧

રસોધ્વનિ સંસ્થા અને ગુજરાત સંગીત નાટક અકાદમીના સંયોગથી સંત કબીર વિરચીત અને ભગવત્ ગીતા તથા ગાંધીજીના સત્યના પ્રયોગો પર આધારિત નૃત્યુનો અનોખો કાર્યક્રમ તા. ૧-૮-૨૨ના સોમવારના સાંજે ૬ કલાકે ઉમિયામાતાજી સંસ્થાન સે. ૧૨ ખાતે આયોજેલ છે. ભરતનાટ્યમ નૃત્ય શૈલી પર આધારિત નૃત્ય કૃત્યોના કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા અને સંગીત નાટક અકાદમીના સભ્ય સચીવ પી.જી. પટેલ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં કલાપ્રેમીઓને ઉપસ્થિત રહેવા ડૉ. ઉમા અનંતાણી અને શિવાંગી વિક્રમને જાહેર આમંત્રણ પાઠવ્યુ છે.

ગાંધીનગરના બે વિદ્યાર્થીઓને વાડો કાઈ કરાટેમાં બ્લેક બેલ્ટ શોદાનની પદવી

ગાંધીનગર, તા. ૩૧

વાડો કાઈ કરાટે ડૉ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રશિક્ષક સુરજ ત્રિપાઠી દ્વારા ચલાવવામાં આવતા કરાટે પ્રશિક્ષણ કેન્દ્રના બે વિદ્યાર્થીઓને બ્લેક બેલ્ટની પદવી એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગરના જાણીતા ઉદ્યોગપતિ હિતેશભાઈ રોરના બંને પુત્રો વિહાન રોર અને લક્ષ્ય રોર વાડો કાઈ કરાટેમાં પાંચ વર્ષના સતત અભ્યાસ બાદ પ્રોવિઝનલ બ્લેક બેલ્ટ ધરાવતા હતા. કઠોર પરિશ્રમના અંતે તેમણે કન્ફર્મ બ્લેક બેલ્ટની પ્રથમ ડીગ્રીની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી હતી. ફેડરેશનના ચેરમેન તથા ચીફ ટેકનીકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણાના વરદહસ્તે બંને વિદ્યાર્થીઓને વાડો કાઈ કરાટેની બ્લેક બેલ્ટ શોદાનની પદવી એનાયત કરવામાં આવી હતી.

વાવોલનુ કુબેરનગર ચોમાસા દરમ્યાન નર્કાગારની સ્થિતિનો સામનો કરી રહ્યુ છે. આ વિસ્તારના રોડ કાદવ કિચડથી ઉભરાઈ રહ્યા છે. ગટરલાઈન નાંખ્યા બાદ યોગ્ય રીતે તેનુ પુરાણ ન થતાં અહીં આટલો બધો કાદવ થયો છે. જેના કારણે સ્થાનિકો રોષે ભરાયા છે.

નાગરિક બેંકના સ્થાપક ચેરમેનની પ્રતિમાનું અનાવરણ ૩જી ઓગષ્ટે

ગાંધીનગર, તા. ૩૧

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ. સે. ૧૬ના સ્થાપક ચેરમેન સ્વ. ત્રિભોવનભાઈ આઈ. અમીનની અમૂલ્ય સેવાઓ અને કર્તવ્યનિષ્ઠાને ધ્યાને લઈને બેંકની હેડ ઓફિસ ખાતે તેઓની સ્મૃતિરૂપે સ્થાપવામાં આવેલી પ્રતિમાનું ઉદ્ઘાટન સમારોહ બેંકની હેડ ઓફિસ ખાતે સે. ૧૬માં તારીખ ૩ ઓગષ્ટે સવારે ૧૦ કલાકે યોજાશે, જેનું ઉદ્ઘાટન મહંત સ્વામિનારાયણ મંદિર સે. ૨ના પરમ પૂજ્ય પી.પી. સ્વામી દ્વારા કરાશે.

ગ્રામીણ વિસ્તારમાં સફાઈ અભિયાન વેગીલુ બનાવાશે

ગાંધીનગર, તા. ૩૧

સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજના અંતર્ગત ફેજ-૨ના અમલીકરણ હેતુ ભારત સરકાર અને કમિશનર ગ્રામ વિકાસ કચેરીની સુચના મુજબ ઘન કચરાના નિકાલ વ્યવસ્થાપન, પ્રવાહી કચરાના નિકાલ વ્યવસ્થાપન, કમ્પોસ્ટ પીટ, સેગ્રીગેશન શેડ, ગોબર ઘન પ્રોજેક્ટ હેઠળ મળતી ગ્રાન્ટ તેમજ એઆઈપીમાં લીધેલ ગાંધીનગર જિલ્લાના તમામ ગામોમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ)ના ઘટકોના અમલીકરણ હેતુ ચેરમેન-વ-જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમના માર્ગદર્શન હેઠળ નિયામક દેવાંગી દેસાઈની આગેવાનીમાં અત્રેના જિલ્લાની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના એસબીએમ-જીના જિલ્લા કો ઓર્ડીનેટર મહેન્દ્રસિંહ ચાવડા, તમામ કન્સલટન્ટો, તેમજ તાલુકાના ટીડીઓ અને બ્લોક કો ઓર્ડીનેટર અને કલસ્ટર કો ઓર્ડીનેટરને જોડવામાં આવ્યા અને જિલ્લાના માણસા અને કલોલ તાલુકાના ગામોના સરપંચ અને તલાટી કમ મંત્રી સાથે બેઠક કરવામાં આવી તેમને યોજનાના અમલીકરણ અને મળવાપાત્ર ગ્રાન્ટ બાબતે અંદાજીત કર્યો હતો. સાથે સાથે સીંગલ યુઝ પ્લાસ્ટીકના પ્રતિબંધ માટે તમામ ગામે ઠરાવ તેમજ દંડની જોગવાઈ કરી અને સીંગલ યુઝ પ્લાસ્ટીકના પ્રતિબંધ બાબતે જાગૃતિ દર્શાવવા ભીંત સુત્રો દોરાવ્યા અને દહેગામ તાલુકાના વાસણા ચૌધરી અને રખીયાલ ગામે કાપડની બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજનાની કામગીરીને વેગ મળે તેમજ તેના અમલીકરણ થાય તે બાબતે કામગીરી કરવામાં આવી હતી.